


# કળાગુરુ રવિશંકર મ. રાવળ

(જ. ૧ ઓગસ્ટ ૧૮૯૨, ભાવનગર – અ. ૯ ડિસેમ્બર ૧૯૭૭, અમદાવાદ)

## 'ચિત્રકૂટ'ને સ્વાગત:

શનિવાર: ૨૫-૩-૧૯૮૯ : ૨૨-૪-૧૯૩૩.

[સોનેટ.

પૃથ્વી]

ઉગો રવિ, ઉગો ઉષા અરુણ કે ભલ ઢાંકિયો કરો.
ઉગો નભતટે અરા, કઠણ રેત-ટીંબા-શિરે:
ઉગો ફગ સુખી દુખી ઉર ઉતારતી રેખામાં,
સ્ફુરે કુસુમ ત્યાગરાગ-વૈભવ નિચોવતી રંગમાં:
ઘડે તનમરોડ ત્યાં કુદરતિ ગુહ્ય ચારિત્ર્યનાં,
કુરાફુ ચિતરે ત્યહાં પર ઉકેલતી દૈવના:
છબી જ નિરમે ત્યહાં પ્રકૃતિ મૂકને અર્પતી
અગાધ મૃદુ કારમી ગગન મારુતની ગિરા.


પધાર સખિ! રેતને ઉમળકે વધાવું તને.
ઓકુળ રતિ, આવ, ભોર, મુજ માજણી બ્હેનડી!
અને રુદન આ ભલે કઠણ રેતરીંઓ રહ્યું:
ત્રિસી કિરણ આભમાં, ગુંથિયું જે ય મૌને રજે
સુકોમલ અનંગ માત, મધુરા રસે સ્ફેરતી,
ઉરો રિઝવતી, સુધાપુંરં પિવાડતી, રૂપસી.

---

પંક્તિ ૧૨મીમાં 'આભમાં' શબ્દ વિશેષણ છે; 'આભમાં કિરણ'= વ્યોમનાં કિરણ.

બ

ઈ. ૧૯૩૩માં શ્રી રવિશંકર રાવળના આવાસ 'ચિત્રકૂટ'ના વાસ્તુ પ્રસંગે બલવંતરાય ઠાકોરે લખી મોકલેલા આ સૉનેટમાં પોતાની મા-જણી બહેન ચિત્રકળાને ઉમળકાભેર વધાવતી કવિતાની ઉક્તિમાં શ્રી રાવળ પ્રત્યેનો એમનો પ્રશંસાભાવ અભિપ્રેત હોવાથી અહીં એ (સ્વ. ઠાકોરના હસ્તાક્ષરમાં જ) આપવું ઉચિત ધાર્યું છે. એ જ રીતે બાજુમાં આપેલી કવિ લલિતની ગઝલ એમના હસ્તાક્ષરમાં.




## મારી વાત


વીસમી સદીના પ્રારંભમાં સર્વ સુશિક્ષિત જનોનો સાધારણ અભિપ્રાય હતો કે ગુજરાતમાં કળાનો અભાવ છે. ઈ. ૧૮૯૨થી ૧૯૦૭ સુધી રાજા રવિવર્માનાં લીથો ચિત્રો જ લોકોનું આકર્ષણ તેમ જ ગૃહશોભામાં સ્થાન પામ્યાં હતાં. તેમનાં 'સરસ્વતી' અને 'લક્ષ્મી'નાં ચિત્રો તો પૂજાપાત્ર બન્યાં હતાં. ચિત્રોમાં બીજા સવિશેષ ગુણો, જેવા કે લય, રૂપરચના, અંગભંગિ, વસ્તુવિચાર, ભાવના કે સંસ્કૃતિ–સાધના હોવાં જોઈએ એવો વિચાર કરનારા ત્યારે વિરલ હશે. છતાં એ કાળના પ્રસિદ્ધ ચિત્રરસિકો રવિવર્માનાં ચિત્રો દ્વારા પોતાનો ચિત્રકળા–નાદ પરિતૃપ્ત કરતા.

ઈ. ૧૮૯૬માં મારા પિતાશ્રી રાજકોટના તાર–માસ્તર હતા, તે વખતે મારા શિશુ–વર્ગના સ્કૂલ લીવિંગ સર્ટિફિકેટમાં આચાર્ય મંગળજીભાઈ ઓઝાએ નોંધ કરી હતી કે 'આ બાળકને ચિત્રો કરવાનો શોખ છે.' પણ મારા કુટુંબને તે બાબતમાં કશું મહત્વ લાગ્યું નહોતું. પરંતુ મારા પિતાશ્રીના વિદ્વાન મિત્રોના, સદ્ગ્રંથોના અને સત્પુરુષોના સમાગમથી મારા મનમાં ઉચ્ચ આદર્શો અને ભાવનાઓ જાગ્રત થયાં હતાં. તેમ છતાં શાળાના શુષ્ક શિક્ષણ પ્રતિ મને બહુ જ અણગમો રહેતો.

ઈ. ૧૯૦૯માં હું મૅટ્રિક થયો ત્યારે શાળાઓમાં ચિત્રકામ (ડ્રૉઇંગ) પ્રથમ વાર દાખલ થએલું અને ભાવનગરની દરબારી હાઇસ્કૂલમાંથી હું પહેલવહેલો સેકન્ડ ગ્રેઇડની ડ્રૉઇંગ–પરીક્ષા આપનાર એકમાત્ર પ્રથમ વિદ્યાર્થી

હતો. ૧૯૧૦માં મને સિવિલ એન્જિનીઅર બનાવવાને મારા પિતાશ્રીએ કૉલેજમાં મૂક્યો. તેની પહેલી ટર્મને અંતે કૉલેજનો રૌપ્ય મહોતસ્વ આવ્યો તે વખતે તેના રંગમંચ માટે મેં જવનિકા અને પાર્શ્વચિત્રો ચીતરી આપ્યાં. તે જોઈ, પ્રિન્સિપલ સંજાણાને મને બોલાવીને કહ્યું : 'બાવા ! અહીં ભેજું ખરાબ ન કર. જા મુબાઈ, સર જે. જે. આર્ટ સ્કૂલમાં...' અને મારું જીવન–લક્ષ્ય સંધાયું. જો કે ત્યાં પણ યુરોપના ધોરણે શિક્ષણ અપાતું અને એ પ્રેરણાહીન વાતાવરણમાં મેં ઘણી મુસીબત અનુભવી; તે છતાં અંતે સફળતાપૂર્વક પાર ઊતર્યો.






**રણજિતરામ વાવાભાઈ મહેતા**
(જ. ૨૫ ઓક્ટોબર ૧૮૮૧, સુરત –
અ. ૪ જૂન ૧૯૧૭, મુંબઈ)

એ જ અરસામાં કોઈ ઈશ્વરી સંકેતથી મને મારા મુ. મિત્ર રણજિતરામ મળી ગયા અને તેમણે 'વીસમી સદી' માસિકને જન્મ આપનાર હાજીમહમ્મદ શિવજીનો પરિચય કરાવ્યો. તેમણે મને એક નવોદિત કલાકાર તરીકે અપનાવ્યો. તેમના મારફત હું ગુજરાતના સર્વશ્રેષ્ઠ કવિઓ, સાક્ષરો અને લેખકોનો નિકટ પરિચય પામ્યો અને તેમની પાસેના ચિત્રકળાના આધુનિક ચિત્રસંપુટો ને ચિત્રગ્રંથોના પરિશીલનથી મારા કાર્યમાં ઘણો પરિપાક પામી પ્રસિદ્ધ થયો.




હાજીની છબિઓ, વીસમી સદીનું આવરણ અને
હાજીના અવસાન પછી રવિશંકર રાવળે સંપાદિત કરેલ સ્મારકગ્રંથ અને ચિત્ર–સ્મારક 'હાજી ગયો'


મુબાઈમાં સ્વાસ્થ્ય સારું ન રહેવાથી ૧૯૧૯માં મેં અમદાવાદને મારું સ્થાયી કેન્દ્ર બનાવ્યું. ઇ. ૧૯૨૧માં હાજીમહમ્મદ અકાળે અવસાન પામતાં કલાવિષયક સાહિત્ય આપનાર કોઈ પત્ર નહોતું, એટલે હાથ પર જોખમ લમેં સન્મિત્રોના સહકારથી ૧૯૨૪માં 'કુમાર' માસિક શરૂ કર્યું. તે દ્વારા, મારા હાથ નીચે નિઃશુલ્ક અભ્યાસ કરી રહેલા તેજસ્વી તરુણોએ આજના ગુજરાતમાં મારું નામ દીપાવ્યું છે અને મને દેશવિદેશમાં પૂર્ણ યશભાગી બનાવ્યો છે.




પહેલા અંકનું આવરણ

આ પ્રસંગને સ્વ. બળવંતરાય ઠાકોરે તેમના 'ચિત્રકૂટ' નામના સૉનેટમાં બિરદાવતાં ગુજરાત માટે કહ્યું હતું કે, ગુજરાતના 'કઠણ રેત ટીંબા પરે' સાહિત્યદેવીના સાથમાં કલાદેવી પધારી છે તો અવનવાં રૂપ નિર્માણ થશે : 'રચીશું રૂપ–આભલાં.'





વિદ્યાર્થીઓ સાથે રવિશંકર રાવળ

મારા મનમાં મહત્ત્વાકાંક્ષા હતી કે ઇંગ્લૅન્ડ, યુરોપ અને અમેરિકાની  જેમ ગુજરાતનું સાહિત્ય ચિત્રમય થાય, સામાન્ય જન કળાઓમાં રસ લેતો થાય, તરુણોને સાહસકથાઓ, વિજ્ઞાન–પ્રયોગોને પરાક્રમો પ્રતિ આકર્ષણ ને પ્રેમ થાય અને તેઓ ભારતીય તેમ જ પરદેશી શિષ્ટ કલાઓનો પરિચય ને આસ્વાદ પામે. મારી દૃઢ માન્યતા

છે કે માણસની સર્વાંગી કેળવણીમાં લલિતકલાને પૂરતું મહત્ત્વ અપાવું જોઈએ. તે હતુ ઘણે અંશે 'કુમાર' માસિક દ્વારા સફળ થયો છે; એમ મને લાગે છે. આજે તેને પચાસ વર્ષ થવા આવ્યાં છે.

મારે ચિત્રકલાની સાધના કરતાં કરતાં એક માસિકની સ્થાપના, ચિત્રશિક્ષણ, તંત્રીલેખો, કલાપરિચયો, પ્રવાસો, વ્યાખ્યાનો વગેરે અનેક પ્રવૃત્તિઓની સાથેસાથે પચીસ વર્ષ સુધી મને વળગી રહેલા દમ જેવા જીવલેણ વ્યાધિ અને આર્થિક ચિંતાઓ સહી લેવામાં ઘણી શક્તિ અને સમયનો વ્યય કરવો પડ્યો, તેથી મારી ઇષ્ટ સાધના ચિત્રકળામાં અનેક ક્ષતિઓ અને અપૂર્ણતા રહેવા પામી છે, તેથી હું અજાણ નથી. પરંતુ ગુજરાતમાં કલાની સભાનતા અને ભાવિ કલાકારો માટે વિશાળ કાર્યક્ષેત્ર તૈયાર થએલું જોઈ સમાધાન મેળવું છું.

એટલે ઈ. ૧૯૨૦ થી ૧૯૫૦ સુધીની અલ્પાવધિમાં ખૂબ વ્યસ્ત રહેવા છતાં જે કાંઈ થોડીએક કલાકૃતિઓ હું સરજી શક્યો તે સામાન્ય જનને પ્રાપ્ય બને તેવા આશયથી રંગવિહોણાં સાદાં ચિત્રોના આ સંપુટનું પ્રકાશન કરી એ ચિત્રો વિષેની મારી ટૂંક નોંધ માત્ર રજૂ કરું છું.

– **ર. મ. રા.**

MY-ART-WORLD

# મારી કલાસૃષ્ટિ

ર.મ.રા.


૨૪

## ચિત્રપૃષ્ઠો

TWENTY FOUR PICTURES BY R.M.RAVAL

## મારી ચિત્રસૃષ્ટિ

૧.



નરસિંહ મહેતા

**નરસિંહ મહેતા :** (ઈ. ૧૪૧૬ થી ૧૪૮૦ આશરે)

ગુજરાતના આદ્ય કવિ ગણાએલા આ કવિનાં પદો ગુજરાતી પ્રજાનાં નિત્ય–સ્મરણ બન્યાં છે. તેમણે 'એક તું શ્રી હરિ' કહી તત્ત્વજ્ઞાનનો સાર આપ્યો અને રાષ્ટ્રપિતા ગાંધીજીએ તેમના આદર્શ વૈષ્ણવનું નિરૂપણ કરતા પદને માનવજીવનના આદર્શો ઠરાવી નિત્યમનનના ભજન તરીકે આવકાર્યું છે. એવા કવિનું દેહસ્વરૂપ સરજતાં ચિત્રકારે ધન્યતા અનુભવી છે. નરસિંહ મહેતાની ૫૦૦મી જયંતી પ્રસંગે આ ચિત્રને ભારત સરકારની પોસ્ટ સ્ટૅમ્પ પર સ્થાન પામવાનું સદ્‌ભાગ્ય મળ્યું છે અને હવે તે સદા માટે પ્રજાનું ધ્યાન–સ્વરૂપ બન્યું છે.


૨.




મીરાંબાઈ

**મીરાબાઈ** : (૧૪૯૯ થી ૧૫૬૪)


‘મેરે તો ગિરિધર ગોપાળ, દૂસરો ન કોઈ’ એ ગીત–ગુંજનમાંથી આ ચિત્રનું નિર્માણ થયું છે. તદવિષયક આ એકમાત્ર ચિત્ર હોઈ  ભાવભીના સજ્જનોએ તેને અપનાવી દિલ્હીના હિંદી ભવનમાં તેની મોટી ફોટોગ્રાફિક નકલ મૂકી છે અને ગુજરાતના પ્રાચીન સાક્ષરોના સંપુટમાં આ ચિત્રને સ્થાન મળ્યું છે.



અખો

**અખો** : (૧૬૧૧ થી ૧૬૭૫)

અખા ભગતની નિર્મળ નિર્ગુણ ભક્તિ અને તે યુગના ધર્મસંપ્રદાયોના પાખંડોનું તેમણે કડક જોશીલી વાણીમાં કરેલું સંશોધન ગુજરાતી સાહિત્યમાં અજોડ છે. ધંધામાં પૂર્ણ પ્રામાણિકતા રાખતાં છતાં તેના પર શંકાનો આઘાત થતાં તેણે આત્માજ્ઞાનની ખોજમાં પ્રવાસ ખેડ્યો અને તેના અનુભવો કાવ્યો અને છપ્પામાં પ્રકટ કર્યા. હિંદી તેમ જ ગુજરાતીમાં તેનું સાહિત્ય તેના તીવ્ર વૈરાગ્ય અને જ્ઞાનચર્ચાનું સાક્ષી છે. આ ચિત્ર પણ તેના દેહ–સ્વરૂપનું કાલ્પનિક સર્જન હોવા છતાં ગુજરાતને ભાવી ગયું છે.




પ્રેમાનંદ

**પ્રેમાનંદ** : (૧૬૩૬ થી ૧૭૩૪)


પ્રેમાનંદ માણભટ્ટ કથાકાર હતા. કાવ્યના સર્વ ગુણોથી પ્રપૂર્ણ એવાં આખ્યાનો રચનાર આ મહાકવિને રંજ હતો કે ગુજરાતી ભાષાનું મૂલ્ય તે કાળના ભારતમાં એક રૂપિયામાં 'શું શા પૈસે ચાર' એમ હલકું ગણાતું. પણ 'સંસ્કૃત કથાને સ્થાને તેમનાં કાવ્યો વંચાતાં થયાં ત્યાં સુધી તેમનું પણ હતું કે માથે પાઘડી ન મૂકવી.' એ કારણથી ચિત્રમાં કવિ કોઈ ગુજરાતી પોળમાં માણ બજાવતા ખુલ્લે માથે કથા કરી રહ્યા ખે અને પાઘડી બાજુમાં રાખી છે. એતદ્દેશીય વાતાવરણ અને સામાજિકનું આલેખન કરતું આ ચિત્ર ગુજરાતના સુશિક્ષિતોને પ્રતીતિકર લાગ્યું છે. વડોદરામાં આજે તે કૉલેજના આંગણમાં કાંસ્ય–પ્રતિમા બનેલું છે.



कवि कालिदास Poet Kalidas (Gupta period)

## કાલિદાસ

ભારતના આ કવિવર ગુપ્ત સમયમાં ઉજ્જયિની રાજ્યસભાના રત્ન હતા. ઓજસ્વી ને અમર સંસ્કૃત કાવ્યોના આ પ્રાસાદિક સર્જક વિશ્વની વિભૂતિ ગણાયા છે. તેમને કાવ્ય અને સંગીતના ગુંજનભર્યા વાતાવરણમાં કલ્પવાનો એક લહાવ છે.



હેમચંદ્ર સૂરિ

## હેમચંદ્ર સૂરિ

કલિકાલસર્વજ્ઞનું ઉપમાન ધરાવતા આ જૈન સૂરિ ગુજરાતના સોલંકી રાજવંશ શિરોમણિ જયસિંહદેવ સિદ્ધરાજના સન્માનિત પંડિતવર્ય હતા. રાજાધિરાજ જયસિંહ શૈવધર્મી હોવા છતાં સૂરિજીએ કરેલા સિદ્ધ–હૈમ વ્યાકરણના ગ્રંથને ગુજરાતની વિદ્વત્તાનું ગૌરવ ગણી તેને હાથી પર સ્થાપી નગરમાં પધરામણી કરી હતી. એ મહાન પુરુષના એક પ્રશસ્તિપટમાંના આછા રેખાચિત્ર પરથી આ ચિત્ર રચાયું છે.

## ૭.



વીસમી સદી ] [ ચિત્રકાર: રા. ર. મ. રાવલ.

પાટણનો મહા અમાત્ય મુંજાલ.



**મુંજાલ,** ૧૧મી સદીના પાટણના મંત્રી, કનૈયાલાલ મુનશીના વર્ણનના આધારે પાત્રાલેખન.

## મુંજાલ


જયસિંહ સિદ્ધરાજનું બાલ્યાવસ્થાથી તરુણ અવસ્થા સુધી સંગોપન કરી, તે સમર્થ રાજવીનું બિરૂદ પામ્યો ત્યાં સુધી તેની રાજધાની પાટણ અને સમગ્ર સામ્રાજ્યનો વહીવટ અને રક્ષણ સંભાળનાર મહાઅમાત્ય મુંજાલનું સાંગોપાંગ ચિત્રણ શ્રી કનૈયાલાલ મુનશીની નવલકથા ‘ગુજરાતના નાથ’માં મળે છે. તેના આધારે આ પાત્ર ચિત્રાંકિત થતાં લેખક શ્રી મુનશીજી અને બીજા અનેક ગુર્જર સાક્ષરોએ સાદશ ગણી વધાવી લીધું છે.

૮.




**રાણી લક્ષ્મીબાઈ**

ઝાંસીની આ શૂર રાણીએ બ્રિટીશ જોહુકમીને પડકાર આપી ૧૮૫૭ની ક્રાન્તિમાં આત્મસમર્પણ કર્યું. તેની વીરગાથા ભારતના કોઈ પણ લેખક યા કલાકારને આહ્વાન કર્યા વિના રહેતી નથી. રાણી હમેશાં પઠાણી પોશાકમાં દુશ્મનો પર પુણ્ય પ્રકોપ ધરાવતી નજરે પડતી. દૂર તેનો અશ્વપાલ તેનો અશ્વ સંભાળી રહ્યો છે, અને રાણી પોતે ગઢના ઊંચા ભાગમાંથી શત્રુઓનો ઘેરો નીરખી રહી છે.




## યમ–નચિકેતા

કઠોપનિષદની કથાનું મુખ્ય પાત્ર નચિકેતા. પિતાએ યજ્ઞદાનમાં તેને યમદ્વારે મોકલી આપ્યો તે વખતે યમરાજ બહાર ગએલા. ત્રણ દિવસે તેઓ આવ્યા ત્યાં સુધી આ બાળકે ઉપવાસ કર્યા, તેથી ખેદ પામતા યમરાજે તેને પ્રત્યુપકાર રૂપે વરદાન આપ્યાં. નચિકેતાએ જે વરદાન માગ્યાં તથા જીવન–મૃત્યુ–ઈશ્વરના ભેદ જાણવા જે પ્રશ્નો કર્યા તે કઠોપનિષદ રૂપે પ્રસિદ્ધ છે. ભારતના તત્ત્વજ્ઞાનની ચર્ચામાં નચિકેતા અમર બાળક છે.

૧૦.




પરશુરામ

## પરશુરામ

પૂર્વ રામાયણકાળમાં પરમ ભાર્ગવ પરશુરામે ૧૮ યુદ્ધો કરી સર્વ ક્ષત્રિયોને પરાસ્ત કર્યા. નર્મદાકિનારા પર તેમનો આશ્રમ હતો, ત્યાં બેઠા એ કોઈ નવા આક્રમણનું ચિંતન કરતા દેખાય છે. આ વૈદિક વીર પુરુષ ભારતીય ગાથાઓમાં અપૂર્વ વ્યક્તિ છે.

૧૧.




ઋષિ ભરત અને મૃગ

## ભરત અને મૃગ

ભરત રાજા વાનપ્રસ્થ ગાળવા વનમાં આશ્રમ બાંધીને રહ્યા. એક સવારે ઝરણ કૂદતાં તણાયેલા હરણબાળને બચાવી લાવ્યા, પાળી–પોષી મોટું કર્યું અને તેના સ્નેહમાં બંધાયા. તે વિષેની કવિ 'કલાપી'ની કાવ્યપંક્તિ : 'રાગ ને ત્યાગ વચ્ચે હૈયું એ ઝૂલતું હતું.' – ની પ્રેરણા પર આ રચાયું. ચિત્રકારનાં આદિ સર્જનોમાં ગુજરાતી સાહિત્યનો મોટો ફાળો હતો.

## ૧૨.




'**શ્રીમતી**' બુધ્ધની ભકત અને રાજમહેલની દાસી, રાજા અજાતશત્રુના પ્રતિબંધની ઉપરવટ બુધ્ધના દર્શને જાય છે.

## શ્રીમતી (બુદ્ધદાસી)

કવિવર રવીન્દ્રનાથ ટાગોરના કાવ્ય પરથી પ્રેરિત આ ચિત્ર છે. બુદ્ધના જીવનકાળમાં રાજા અજાતશત્રુએ બુદ્ધ ભગવાનના ઉપદેશોને અનુસરનાર પર દેહાંતદંડની સજા ફરમાવી હતી. નગરના ઉપવનમાં ભગવાન બુદ્ધે વિહાર કર્યો તે વખતે કોઈ નગરજનો તેમની પાસે જઈ શક્યા નહિ. મધ્યરાત્રીએ દાસી શ્રીમતી બુદ્ધ ભગવાનને અર્ઘ્ય આપવા નીકળી અને પ્રભાતમાં રાજાજ્ઞા પ્રમાણે પ્રાણાર્પણ કર્યું. ભક્તિની પરાકાષ્ઠા અને નારીસત્ત્વને અર્ઘ્ય આપતું કરુણાન્ત ચિત્ર.

ચિત્રકારે ગ્રામજીવનના સાદા સજીવ દશ્ય વચ્ચે ગ્રામવાસની કોઈ ખડકીના ચૉકને ઓટલે માતાને બાળકના મુખમાં ચંદ્રનું અમૃત ધરતી બતાવે છે. વિશ્વના સમસ્ત માતૃભાવનું આ એક પ્રતીક છે. તેમાં રંગપૂરણી અને ચિત્રનિયોજનની પૂર્ણ સાદગી રાખવા છતાં કવિતા અને વાસ્તવિક્તાનો સંબંધ અખંડ જળવાયો છે.






ચાંદાપોળી

## ચાંદાપોળી

## ૧૪.




### ચન્દ્ર–કુમુદ

ચંદ્ર નીરખતા શ્વેત કુમુદ રાત્રિને સમયે વિકસે છે. એ નૈસર્ગિક સત્યને નિરૂપતા આ ચિત્રમાં સુપ્ત કુમુદના આત્માને જગાડતા આલિંગતા ચંદ્રના કરો (કિરણો) દ્વારા ચંદ્ર–કુમુદના પ્રેમનું પ્રતીક જોવા મળે છે.

૧૫.



કૈલાસમાં રાત્રી

## કૈલાસમાં રાત્રિ

કૈલાસ શિવનું નિવાસધામ છે. શિવ પરબ્રહ્મનું સ્વરૂપ છે, તો શિવપત્ની પાર્વતી વિશ્વનું–નિસર્ગનું દશ્ય સૌન્દર્ય છે. તેની સુપ્ત અવસ્થામાં પણ શિવ પરબ્રહ્મ જાગ્રત રહી પ્રેમભર્યા વિશ્રંભથી અંકમાં સૂતેલાં મહામાયા પાર્વતીને નીરખી રહ્યા છે, જ્યારે સર્વ ચરાચર સૃષ્ટિ મૌન તંદ્રામાં છે. 'યા નિશા સર્વભૂતાનાં તસ્યાં જાગર્તિ સંયંમી'નું સ્મરણ કરાવતું ચિત્ર.



## જીવન–સંગીત

ચિત્રકારે ૧૯૨૭માં ઔંધ નરેશના ચિત્રકાર–મંડળના સાથમાં અજંતાના નિવાસમાં ગુફાગર્ભિત ચિત્રોનો પરિચય અને અભ્યાસ કરીને, તેની શૈલીનું તાદાત્મ્ય પ્રાપ્ત કરી એક નવલું સર્જન કર્યું છે અને તેમાં કુટુંબજીવનની પરિતૃપ્તિ અનુભવતું એક ગાંધર્વ યુગલ બાળક સહિત આકાશમાર્ગે સંગીત લહરાવતું ગમન કરતું દેખાય છે. પ્રત્યેક માનવી નિજ જીવન–પરિતૃપ્તમાં આ જીવન–સંગીત અનુભવી શકે છે.

૧૭.



## પાછો મળ્યો

કોમી રમખાણોના દિવસોમાં એક નગરમાં માતાનો બાળક ગુમ થયો. ઉત્તર ભારતના રેલ્વે–સ્ટેશનની પાસે શોધ કરતી માતાને મુત્ર મળી ગયો અને બાળક માતાની ગોદમાં ભરાઈ ગયો. ચિત્રકારે ટ્રેઇનમાંથી આ હૃદયદ્રાવક દૃશ્ય જોયું અને તરત ચિત્ર–નોંધ કરી પછીથી ચિત્ર ઊપજાવ્યું.

१८.



कृषि-कन्या

A Saurashtra peasant-girl with Javara (grain shootings)

## કૃષિકન્યા

રાજપૂત કળાની સાદગી અને સ્વચ્છ રંગપૂરણીથી પ્રભાવિત થતાં તે શૈલીની સહાયથી આધુનિક વાસ્તવિક જીવનમાંથી આ ભૂમિપુત્રીનું ચિત્ર નિર્માયું છે. સૌરાષ્ટ્રનો ગ્રામસીમાડાનો ભૂમિપ્રદેશ અને કૃષિ બાલિકાના હાથમાં જુવારાવ્રતની થાળી ભારતીય જીવનના કોડ પ્રત્યક્ષ કરાવે છે.



सायुज्य
Harmony of life (flute & dance)

## સાયુજ્ય

નરનારીની સુરાવટ અને તાલમાંથી ઉત્પન્ન થતી એકધારી લયબદ્ધતા તેમનામાં એકતાનું તાન જગાડે છે તેનો ધ્વનિ આ ચિત્રમાં જણાશે. રેખાઓ અને અંગલાલિત્યમાં એનાં સ્પંદનો પ્રકટ થાય છે.

૨૦.




अंध दादा Blind grand father & grand son : from real characters

## અંધ દાદા

ભવિષ્યની  આશા સમો બાલ પૌત્ર વૃદ્ધ દાદાનો હાથ પકડી રસ્તે દોરી રહ્યો છે અને દાદાને મુખેથી પુરાણા અનુભવો અને પ્રસંગોની વાતોથી વાત્સલ્યના ભાવે પ્રફુલ્લિત ઉત્સાહિત ઉમંગભર્યો લાગે છે. પુરાણ અને વર્તમાનનો આ રીતે સુભગ સંગમ થાય છે.

## ૨૧.



મીનાક્ષી મંદિરમાં આદિવાસી યુગલના લગ્ન, તૈલચિત્ર

## મીનાક્ષી મંદિરે

આ ચિત્ર આધુનિક અકાદમીનાં અભ્યાસ–બંધનોથી મુક્ત થએલી ભાવછાયાની અસરથી દોરાયું છે. દક્ષિણમાં મીનાક્ષીદેવીના લગ્નદિવસને જ સુમુહૂર્ત માની લઈ સુષ્ઠુ દેહ–સંપત્તિવાળાં અનેક વન્ય યુગલ ત્યારે અર્ઘ્યનાં ફળ–ફૂલ સાથે પરસ્પરનો હાથ પકડી દેવીની પ્રદક્ષિણા કરી પોતાની સાચી લગ્નવિધિ માની લે છે. તેમાંનું આ એક સાદશ્ય છે.

## ૨૨.



गांधीजी
Gandhiji, A bust painted directly from life (1921)

## ગાંધીજી

ગાંધીજીને ફોટોગ્રાફી પ્રતિ અભાવ હતો, પણ હાથના ચિત્રકામ માટે આદર હતો. આથી તેમના અંતેવાસી ચિત્રકારના મિત્રોએ તેમનું ચિત્ર હાથે કરવા રજા મેળવી આપી. એક સવારે ચિત્રકાર કૅનવાસ અને રંગો લઈ તમેની સમીપ ગોઠવાયો ત્યારે તેમણે સ્વમુખે કહેલું : 'જુઓ ભાઈ, તમે તમારું કામ જાણો. હું તમને કોઈ પ્રકારે એક બેઠક અથવા સગવડ આપી શકું તેમ નથી. હું મારું કામ કરતો રીશ.' ચિત્રકારે મૌનપણે બે કલાક કરી તેમનું છાતી સુધીનું આદમકદ ચિત્ર પૂરું કર્યું. અંતેવાસીઓએ મૌનપણે પ્રસન્નતા બતાવી, પણ ગાંધીજીએ તો એટલું જ કહ્યું કે 'તમારું કામ પતી ગયું હોય તો જાવ.' આ મૂળ ચિત્ર ગુજરાત વિદ્યાપીઠને ભેટ થયું હતું. આજે તે ક્યાં છે તે જણાયું નથી; પણ તેનો ફોટોગ્રાફ રહી ગએલો તે અહીં છાપવાથી ચિત્રકામનો પ્રસંગ સચવાયો છે. (૧૯૨૧)

૨૩–૨૪



સદ્યાલેખો Gleanings from the sketch-books of the artist



સદ્યાલેખો Gleanings from the sketch-books of the artist

## સ્કેચીઝ અથવા સદ્યચિત્રો

ચિત્રકારને હમેશાં તેની આંખ અને કલમ સજ્જ રાખવાં પડે છે, જેથી કોઈ અસાધારણ દૃશ્ય કે યોગ્ય વસ્તુ, પ્રસંગ કે પાત્ર નોંધી લેવાય. એ રીતે રાત્રે, દિવસે કે સવારે અને નાનાવિધ સ્થળે તત્કાળ કરેલી અસંખ્ય નોંધોની ચિત્રપોથીઓમાંથી તારવેલા કેટલાક નમૂના અહીં આપ્યા છે. ગતિ, સ્થિતિ, રૂપ કે પ્રકૃતિના આવા અપાર સાગરમાંથી જ ચિત્રસંયોજનો થાય છે અને થયા કરશે.

રવિશંકર રાવળની ખાસ મુલાકાત દ્વારા મેળવનાર
ચંપકલાલ મહેતા

# મારી માન્યતા

**સાહિત્ય તથા જીવનના ઉપાસકોના ઉત્તરો**



રવિશંકર મ રાવળ

**આપને પ્રથમ કોણે ચિત્રકલા તરફ પ્રેર્યા?**

નાનપણથી જ જોવા-જાણવાની કુતૂહલવૃત્તિ મારામાં ઘણી હતી. માણસો, બનાવો અને નવીનતા તરફ હું સહજમાં આકર્ષાતો એવું મને યાદ છે. એ બધાં વિષે હું જે પૂછ્યા કરું કે વધારે સમજણ માગું તે પૂરી પાડનારા વડીલોનો સમાગમ મને હમેશાં મળી રહેતો. વાર્તા, કથા કે બનાવ મારા મનમાં ચિત્રરૂપે પ્રત્યક્ષ બની રહેતા. કોઈ ઠેકાણે ચિત્ર, પૂતળું કે નવો ઘાટ યા આકૃતિ હું જોતો ત્યારે મારી જિજ્ઞાસા અને રસવૃત્તિ ઊછળતી. ભીંત પરનાં અને ચોપડીઓમાંનાં ચિત્રો કેવી રીતે થતાં હશે તેનું આશ્ચર્ય હું અનુભવતો અને સ્લેટમાં માણસ, સૂરજ, ડુંગર, ડુક્કર કે ઝાડ ચીતરવાની ચેષ્ટાઓ કરતો. બાલવયમાં એ ચેષ્ટા કે રમત જ હતી.

વળી ચિત્રોમાં નાનપણથી રસ ઉત્પન્ન થયો તેનું કારણ તો મારાં માતુશ્રી જે કંઈ વાર્તા કે કથન કહેતાં તે સદા મને ચિત્રાત્મક લાગતું. તે બોલતાં તેનું મારા મનમાં ચિત્ર જ થતું, મને શબ્દોથી સૂચિત આકૃતિઓ દેખાતી. બધાં બાળકો નાનપણમાં લીટા કરે છે તેવા જ હું કરતો ને મોટો થતો તેમ તે શોખ ચાલુ રહ્યો.

**ઉત્તમ ચિત્રકાર થવા માટે કયા ગુણો જરૂરી છે?**

અથાગ પરિશ્રમ કરવો, નિષ્ફળતાથી કાયર ન થવું અને જ્યાંત્યાંથી કૃતિકૌશલ્ય શોધતા જ રહેવું. ઉપરાંત, નિખાલસ નિરૂપણશક્તિ અને પ્રામાણિક રેખાંકન યા આકૃતિનિર્માણ. તસ્વીર કે દસ્ય ઉતારવાની શક્તિ એ ચિત્રકળાની પ્રાથમિક સિદ્ધિ છે. કલ્પનાની સમૃદ્ધિ અને ભાવસંનિવેષ તથા સૌંદર્યની ફોરમ ચિત્રમાં પ્રગટાવવા જુદા જ પ્રકારની માનસિક સાધના અને જીવનદૃષ્ટિની જરૂર છે. કોઈ શૈલી, કૌશલ્ય, કરામત કે વસ્તુવિષયમાં કલા નથી પણ ચિત્રબદ્ધ સ્વરૂપમાં તેના સર્જકના ચૈતન્યનો કોઈ પ્રકારનો આવિર્ભાવ કે ઊર્મિનો અંતર્ગત પ્રવાહ હોય તો જ એ ચિત્રકળાનું યથાયોગ્ય સર્જન બને. હજુ પણ કળાનાં સનાતન રહસ્યો અને આદર્શોની શોધમાં હું તડપી રહ્યો છું.

**ગુજરાતમાં ચિત્રોની શરૂઆત કોણે ને ક્યારે કરી?**

પરંપરાગત ચિત્રો દોરનારા સો વર્ષ પહેલાં હતા તેની સાક્ષી રૂપે ઘણાં જૂનાં મકાનો ને મંદિરોની ભીંતો પર ચિત્રો મોજૂદ છે. પણ જેને આપણે passionથી, અનુરાગથી ચિત્રો કરનારા કહીએ તેવા એમાં કોઈ નહિ. આધુનિક યુગે પણ ઈ. ૧૯૦૭ સુધી ફોટા પરથી મોટી તસવીરો કરનારા થયા, પણ પ્રસંગ કે ભાવના આલેખનારા નહોતા. ૧૯૦૭માં ભારતમાતાનું ચિત્ર નકશાની આકૃતિમાં દેવી સ્વરૂપે આલેખાએલું છપાઈને પ્રચાર પામ્યું હતું. તેના ચિત્રકાર અમદાવાદમાં જમાલપુરની એક ગુજરાતી શાળાના શિક્ષક મગનલાલ દવે હતા. ૧૯૧૫માં હું તેમને મળ્યો ત્યારે પણ તે શાળાના શિક્ષક હતા; પણ ઘરમાં ભાવનાશીલ ચિત્રકાર હતા. કોઈ પણ શિક્ષણ વિના એમણે રવિ વર્માનાં ચિત્રો પરથી પ્રેરણા લઈ, રાણકદેવી અને તેના પુત્રોનો વધ કરવા તૈયાર થએલા સિદ્ધરાજનો પ્રસંગ, દમયંતી અને પારધી તથા બીજાં બેત્રણ લોકસાહિત્ય કે પુરાણકથાનાં ચિત્રો કર્યાં હતાં. તે વખતે પણ તે ચિત્રો મને clumsy ભારેખમ લાગ્યાં હતાં, પણ એ ચિત્રકારની ધીરજ અને સાધનાથી હું મુગ્ધ બન્યો હતો. એ ચિત્રકારમાં ધૂન હતી. પોતાનાં ચિત્રોમાંથી તેણે પાઈની પણ કમાણી કરી નહોતી. એ એકાકી ચિત્રકારનું નામ ને કામ એમ ને એમ લુપ્ત થયાં છે.

ગુજરાતમાં પદ્ધતિસર તાલીમ અને અભ્યાસથી ચિત્ર દોરવાનો યુગ ૧૯૧૭થી શરૂ થયો ગણાય. ૧૯૧૭માં મને મુંબાઈની આર્ટ સોસાએટીએ 'વર્ષના શ્રેષ્ઠ ચિત્ર' માટે સુવર્ણચંદ્રક આપ્યો. કલાપીના 'બિલ્વમંગળ' કાવ્યની પ્રેરણાથી તે મેં કરેલું. ગુજરાતી સાહિત્યની મારી ચિત્રકળા પર ઘણી અસર છે એમ હું માનું છું.

**ચિત્રકળાના વિભાગ-પ્રકાર ખરા?**

મારી સમજ માટે હું બે જ ભાગ પાડું છું: વસ્તુલક્ષી (representational) અને પ્રભાવલક્ષી (abstract). બંનેની સફળતા જોનારની ગ્રહણશક્તિની કસોટી કરે છે.

**આપને ખાસ શોખ શાનો?**

ભાતભાતનાં નિરીક્ષણો કરવાનો ને તેમાંથી બને તેટલું ચિત્રમાં કે શબ્દમાં સાચવી લેવાનો. મને પ્રસંગો અને વ્યક્તિઓમાં કે અનુભવોમાં જે કૈં unique નાવીન્યપૂર્ણ લાગે છે તે હું તરત સમજી શકું છું અને તેનો આહ્લાદ અનુભવું છું.

**'વીસમી સદી' ને હાજીમહમ્મદ વિષે ટૂંકમાં કહેશો?**

'વીસમી સદી' જીવતું હોત તો હું 'કુમાર' કાઢવાની ઇચ્છા કે કલ્પના પણ કરી શક્યો ન હોત. એ જ તંત્રી એવા હતા કે જે કલાકારોને સાહિત્યકારોની જેમ જ બિરદાવતા હતા. એમની શક્તિ અને ભાવનાનું મૂલ્ય ગુજરાત હજી સમજી શક્યું નથી. 'વીસમી સદી' ન હોત તો હું કદાચ લેખનસાહિત્ય તરફ વળ્યો જ ન હોત; સફળ ધંધાદારી professional થઈ બેઠો હોત.

**આપના સાહસની કડવી-મીઠી?**

'વીસમી સદી' હાજીમહમ્મદ પાછળ જેમ અલોપ થઈ ગયું તેમ 'કુમાર'ને પણ તમે લુપ્ત થએલું જોત. 'કુમાર' પાછળ મારા જીવનનાં વીસ ઉત્તમ વર્ષ ખર્ચાઈ ગયાં. ચિત્રકળામાં પણ મારે સહન કરવું પડ્યું. પૈસાની વાત તો બાજુ રહી. ઈ. ૧૯૪૨માં મરણપથારી જેવી માંદગી આવી. બોટાદ જઈ સ્વ. મેઘાણીના ઘરમાં રહ્યો. ટપાલ-વ્યવહાર બંધ રાખવો પડ્યો. હવે જો જીવવું હોય તો 'કુમાર'નો ભાર છોડી દેવો એવી સ્વ. મેઘાણીની સલાહ મળી. 'કુમાર' તથા પ્રેસ આદિ સર્વ વેચી નાખવા ધાર્યું હતું, પરંતુ કેટલાક સુજન મિત્રોએ તે લિમિટેડ કર્યું. શ્રી બચુભાઈ (વીસ

વર્ષના મારા સાથી)એ ભલે વેતનથી પણ તેનો ભાર ઉઠાવી લીધો અને આજે 'કુમાર' ૪૩ વર્ષ વટાવી ગયું છે.

**Q કલાની આપની અંગત વ્યાખ્યા?**

મનુષ્યની આંતરસૃષ્ટિમાં ઉત્કટ ભાવોની જે ઊર્મિ ઊઠે તેને સ્વરૂપ આપીને આકલનથી મનુષ્યના જીવનમાં જે આનંદ ભરે, સંતૃપ્તિ આપે તથા ઉલ્લાસ પૂરે, તેમજ જે વિકલન કે વ્યાકુળતા નિવારીને તથા સુસ્થિર આદર્શોનો અનુભવ કરાવીને જીવનમાં વ્યવસ્થા અને સૌંદર્યભાન આપે એ મારે મન કલાપ્રવૃત્તિ છે.

**Q કોણ ચડે?—લેખક કે આલેખક?**

લેખન અને આલેખન બંને માણસની અભિવ્યક્તિનાં જુદાંજુદાં માધ્યમો છે. બંનેનું ઊગમસ્થાન એક જ હોવા છતાં શિખર પરના સરોવરમાંથી વહેતી નદીઓની પેઠે જુદાજુદા પ્રવાહો બન્યા છે, પણ અંતે બંને પ્રવાહો સાગરમાં એકરૂપ થઈ જાય છે. લેખન શ્રુતિનું પ્રતિનિધિ છે, આલેખન દૃષ્ટિનું પ્રતિનિધિ છે. બંને ઇંદ્રિયો દ્વારા મળેલા અનુભવોનાં સ્વરૂપો નિરાળાં છે. દૃષ્ટિ આકૃતિ અને રંગની સૃષ્ટિમાં નિરૂપણ શોધે છે; લેખન કે વાણી વિચારો યા કાળક્રમનો આધાર લે છે, છતાં તે ચિત્રની ભાષાનો ઘણી વાર પ્રયોગ કરે છે. આલેખન જોવા-સમજવા ઇચ્છનારને પૂર્વજ્ઞાનની ભાગ્યે જ જરૂર રહે છે, શબ્દાલેખન ભાષાજ્ઞાન વિના અબોધ રહે છે. કોણ ચડે એ પ્રશ્ન જ રહેતો નથી. પ્રત્યેકનું કાર્ય નિરાળું છે.

**Q કલા અને ભોક્તા વચ્ચે કયા પ્રકારનો સંબંધ હોય?**

કલાના આસ્વાદ માટે ઇંદ્રિયાકર્ષણ અને શુદ્ધ અનુભૂતિની જરૂર છે. આંખ કે કાનને આસ્વાદ્ય લાગે, રંજક લાગે અને પરિણામે કૃતિનો સંપર્ક થાય તથા અનુભૂતિ પ્રકટે ત્યારે તેની સાર્થકતા ગણાય. કલા તેનો 'અર્થ' પ્રગટ કરી શકે નહિ ત્યાં સુધી અનુભૂતિ થાય નહિ. 'અર્થ' એટલે પ્રત્યાઘાત કે સંક્રમણ કરવાની શક્તિ.

**Q આપ 'કળા ખાતર કળા'માં માનો છો?**

'કળા ખાતર કળા' સૂત્ર ભુલામણી રૂપ છે. કળાનો અર્થ 'અંતરના ભાવોનું આકલન' સ્વીકારીએ તો પ્રશ્ન જ રહેતો નથી કે તે અન્ય જનને તે ભાવો દર્શાવવાનો એક પ્રકાર જ છે. કોઈના આદેશ કે ફરમાનથી નહિ, પણ નિજાનંદનો ઉલ્લાસ પ્રકટ કરવા કોઈ ગાય, નાચે કે શોભાશણગાર યા ચિત્રો કરે અને કહે કે હું કોઇ માટે નહિ, મારી પ્રસન્નતા માટે જ કરું છું તો તેમાં કોઇને વિરોધ હોઈ શકે નહિ; પરંતુ તેની એ પ્રક્રિયાથી અન્ય પણ તેના આનંદમાં ભાગીદાર બને ત્યારે જ તેની વિશેષ સાર્થકતા સધાય; અને એમ થશે ત્યારે જ બીજા એને કળા કહેશે. મનમાં ને મનમાં રાંડવા-પરણવાના સુખદુ:ખનો ભોક્તા તો તે એકલો જ રહેશે.

**Q સર્વસમન્વયી અને શ્રેષ્ઠ કલા કઈ કહી શકાય?**

જે કલામાં કલાસ્વામીએ કૌશલના સર્વશ્રેષ્ઠ પ્રકારોના પ્રયોગ સાથે ઊંચી માનવભાવનાઓ પ્રકટ કરી હોય તે. આવા કલાકારોનાં દૃષ્ટાંત તરીકે મહાભારત, રામાયણ, બાઈબલ, કવિ કાલિદાસ કે શેક્સપીઅર જેવાનાં સર્જનો, અજન્ટા-ગુફાનાં ચિત્રો, મુઘલ, કાંગડા કે રાજપૂત કલમનાં ચિત્રો અને આ યુગમાં કવિવર રવીન્દ્રનાથની કૃતિઓ ગણી શકાય. અગર એ કોટિનું કોઈ કલાકાર્ય, જે મનુષ્ય ઉપર સ્વયંભૂ સ્વામીત્વ સ્થાપે તે.

**Q આપનો હાલનો જીવનવ્યવસાય અને નિત્યકાર્ય?**

અત્યારે તો હું પરમાત્માની બક્ષિશ તરીકેનું જીવન ગુજારું છું. કોઈ સંસ્થા, રાજ્ય અથવા યુનિવર્સિટીને મારી સલાહ લેવાની જરૂર પડે ત્યાં આપું છું. રોજ સવારે ચા પી કામ પર બેસી જાઉં છું. દસ વાગ્યા સુધી પત્રો કે લેખનપ્રવૃત્તિ કરું છું. અગિયારે ભોજન. પછી ટપાલ જોઉં, જવાબો લખું કે વાચન કરું. બે કલાક આરામ. બપોરના ફરીથી પ્રવૃત્તિ. સવારથી સાંજ સુધી મુલાકાતો તો હોય જ. વલ્લભવિદ્યાનગરમાં ચારુતર વિદ્યામંડળે મારી સૂચનાથી એક કલાકેન્દ્ર શરૂ કર્યું છે તેમાં મેં મારાં ૪૦૦૦ની કિંમતનાં પુસ્તકો આપી દીધાં છે. તેનો હું માનાર્હ નિયામક છું.

**Q બહુ જ ટૂંકમાં આપનો અનુભવનિચોડ કહેશો?**

જિંદગીમાં મળેલો દાવ શુદ્ધ બુદ્ધિથી ખેલી જવો. 'પાસા ફેંકે જનો સર્વે, દા દેવો હરિ હાથ છે.'

**Q આપની જીવનભાવના?**

કોઈ પણ કલાકાર તેના યુગની શ્રેષ્ઠ ભાવનાઓને અનુસરીને પોતાની સાધના કરતો રહે તો જ તેની કલા અને સંસ્કૃતિની એકવાક્યતા સચવાય. કલાકાર પોતાની સાધનાનું ક્ષેત્ર પોતાના જીવનમાં મળેલા સંસ્કારો, અનુભવો અને તત્કાલીન સમાજ-વ્યવસ્થામાંથી જ પ્રાપ્ત કરી શકે, અને તો જ તેની કલામાં તેની નિષ્ઠા અને પ્રતિભા પ્રભાવશાળી બને.

કોઈ પણ કલાકાર પોતાની કૃતિ માટે છેવટનો અભિપ્રાય આપી શકે નહિ. સમયના તરંગોને ભેદીને જે કૃતિઓ ટકી રહી છે તેમાં જ કંઈક સ્થાયી તત્ત્વ હોય છે; એ તત્ત્વ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવો એ સન્નિષ્ઠ કલાકારનો ધર્મ બને છે. મારા માટે હું એટલું જ કહી શકું કે હું મારી સાધનામાં શ્રેષ્ઠ સિદ્ધિ પ્રાપ્ત કરી શક્યો નથી. જે કૈં મેળવી શક્યો તેથી કલામંદિરને ઉંબરે બેસવાની લાયકાત પામીને વિશ્વની શ્રેષ્ઠ કલાકૃતિઓ સમજવા પામ્યો છું અને એનાથી મારા જીવનને ધન્ય બન્યું માનું છું.

**Q આપના આ અભૂતપૂર્વ પ્રસંગે આપનો સંદેશ?**


મારા જીવનમાં આવું પર્વ જોવાનો લ્હાવ મળ્યો એમાં પરમાત્માની કૃપા રૂપ સદ્ભાગ્ય અને ગુણજ્ઞ ગુજરાતની મારા પ્રત્યેની શુભેચ્છા જોઉં છું. મને જીવનમાં જે જે શ્રેષ્ઠ પુરુષો મળ્યા તેમની પ્રેરણા-પ્રસાદીથી મેં શુદ્ધ ભાવે કલાની પ્રતિષ્ઠા માટે પ્રયત્નો કર્યા છે. તેમાં મારી અંગત એષણાઓ કરતાં કલાતત્ત્વનાં આદર અને પરિસ્થાપનાને આગળ રાખ્યાં છે. છતાં માનું છું કે મારી મહેચ્છાઓ પ્રમાણે હું મારી સાધના પૂર્ણ કરી શક્યો નથી, તેમજ ઈષ્ટ ભાવના પ્રમાણે કલાને રાજ્યમાં, પ્રજામાં કે શિક્ષણમાં યોગ્ય સ્થાન અને અધિકાર મળ્યાં છે એવો સંતોષ પામ્યો નથી. નવી પેઢી એ કાર્ય પૂરું કરવાના આદર્શો સેવે એ જ તેમને મારો સંદેશ છે જેથી કળાની શક્તિઓ દ્વારા રાષ્ટ્ર સંતૃપ્તિ અને જીવનનો પરમ ઉલ્લાસ અનુભવી શકે.


**Q ગુજરાતની કલાદૃષ્ટિને સતેજ કરવા શું સૂચવો છો?**

શિક્ષણમાં શિશુવર્ગથી જ સાચી કળાનો સંપર્ક અપાય અને ક્રમેક્રમે માનસશાસ્ત્ર તથા વ્યવહારના અનુસંધાનમાં તેનો વિકાસ થાય એવા અભ્યાસક્રમનો સંશોધનપૂર્વક અમલ કરવો જોઈએ. ઉપરાંત ઉચ્ચ અભ્યાસ માટે પીઠ અને શ્રેષ્ઠ અધ્યાપકમંડળ દ્વારા નવા કલાકારોને પાકી તાલીમ આપવી જોઇએ. માનવ-સંસ્કૃતિમાં જે કંઈ શ્રેષ્ઠ કે કલ્યાણમય છે તેને કલાકારો સાક્ષાત્ કરી શકે એવી તેમની સાધના હોય તો પ્રજા તેમની કલાથી પરિતૃપ્તિ અનુભવે અને તેમનામાં રહેલી સહજ કલાભાવના ઉદ્દીપના પામે ને સર્વ કલાઓ રક્ષણ મેળવે.



(સૌજન્ય: કુમાર, સળંગ અંક ૫૧૬, ડિસેમ્બર ૧૯૬૬)




***આત્મકથાનક*** ખંડ પહેલો (૧૯૬૭)
***ગુજરાતમાં કલાના પગરણ*** (૧૯૯૮, ૨૦૦૯)

મારું સૌથી પ્રિય પુસ્તક :

# ‘ગુજરાતમાં કલાના પગરણ’

## જ્યોતિ ભટ્ટ

પંદરેક વરસ પહેલા એક સામયિક - મોટાભાગે નવનીત સમર્પણના તંત્રીએ ગુજરાતના કેટલાક મહાનુભાવોને તેમને ખૂબ ગમતાં અને પ્રેરણારૂપ બનેલાં પાંચ પુસ્તકોનાં નામ તથા તે માટેનાં કારણો જણાવવા વિનતિ કરેલી. તેનાં પ્રતિભાવ રૂપે મળેલા ઉત્તરો તે સામયિકમાં પ્રકાશિત કરાયેલ. એ જોયા પછી મને પણ ક્યારેક વિચાર આવ્યા કરતો રહ્યો હતો કે મને જો કોઈ આવો પ્રશ્ન પૂછે તો તેના ઉત્તરમાં હું કયાં પાંચ ગુજરાતી પુસ્તકોનાં નામ આપી શકું? જો કે, આનો ઉત્તર ભલે સહેલો તો નથી પરંતુ મારા માટે તે બહુ અઘરો પણ નથી. આનું રહસ્ય એ છે કે મારી પરિસ્થિતિ અન્ય વિદ્વાનો તેમ જ  વાંચન રસિયાઓથી તદ્દન ઊલટી રહી છે. મેં વાંચેલાં પુસ્તકોની સંખ્યા આંગળીના વેઢે ગણી શકાય. વળી, તેની ટૂંકી યાદીમાં પણ  તરુણાવસ્થા વટાવતા સુધીમાં વાંચેલાં પુસ્તકોની ટકાવારી જ વધારે થાય. તેમાંય વાંચતા શીખ્યો તે પછી હાથે ચડેલાં પુસ્તકો - ગિજુભાઈની ‘આપણી બાળવાર્તાઓ’, મેઘાણીની ‘દાદાજીની’  તથા ‘ડોશીમાની વાતો’ તેમજ ‘રસધાર’ શ્રેણી, મૂળશંકર ભટ્ટ અનુવાદિત જુલે વર્નની વિજ્ઞાનકથા જેવી સાહસકથાઓને જ પ્રાથમિકતા આપવી પડે. જો કે નાનાભાઈ ભટ્ટનાં  ‘રામાયણનાં તથા મહાભારતનાં પાત્રો’ની મારા મન પર પડેલી છાપ

આજે, આઠ દાયકા પાર કરેલી વયે પણ ભૂંસાઈ નથી. તે સમયગાળામાં જ એક અંગ્રેજ કેળવણીકાર, શિક્ષક A. S. Neill –નીલનાં પુસ્તકનો -કદાચ ગિજુભાઈએ કરેલો અનુવાદ 'રખડું ટોળી' પણ વાંચી નાખેલી. તેમાં મારો વાર્તા રસ તો સંતોષાયેલો જ. પરંતુ, વાર્તાના પાત્રો પોતાનાં જ કથનના શ્રોતાઓ રૂપે તેમાં ડબલ રોલ ભજવતાં રજૂ કરાયા છે. તે જીવંત પાત્રોનો પરસ્પર થતો રહેતો 'વચ્ચે વાર્તાલાપ' સમાવતી અને મેં વાંચેલાં અન્ય બધાં પુસ્તકોથી તદ્દન જુદા પ્રકારની તેની વાર્તાશૈલી મને ત્યારે, કાચી વયે પણ ખૂબ આકર્ષી ગયેલી.

હાઇસ્કૂલના છેલ્લાં વર્ષ દરમ્યાન મેઘાણી અને મુન્શીના થોડાં પુસ્તકો વાંચવાની તક મળેલી. તેમાંથી 'રા'ગંગાજળિયો' ખૂબ ગમેલું. તેનાં વિવિધ કારણોમાંનું એક એ પણ હતું કે તેમાં દરેક પ્રકરણ મને સ્વતંત્ર વાર્તા જેવું લાગેલું; ક્રમબધ્ધ ન વાંચીએ તો પણ માણી શકાય. જો કે ત્યાર પછી તેમાંનાં કોઈ પણ પુસ્તકો ફરીથી હાથમાં આવ્યાં નથી. એ માટે પ્રયત્ન પણ કર્યો નથી.

પૂર્વોક્ત સામયિકની વિનતિના ઉત્તરોમાં ઘણા વિદ્વાનોએ પોતાનાં પ્રિય પુસ્તકોમાં ભગવદ્ ગીતા તથા ગાંધીજીની આત્મકથા -'સત્યના પ્રયોગો'નો તેમજ કૃષ્ણમૂર્તિ, મહર્ષિ અરવિંદ અને ગુર્જિએફ જેવા તત્ત્વચિંતકોનો ઉલ્લેખ કરેલો. મારાં કમભાગ્યે આજ સુધી મેં એમાંનું કોઈ પણ પુસ્તક વાંચ્યું નથી. વળી ગાંધીજી સિવાયના અન્યની ભાષા સમજવાનું મારું ગજું પણ નથી. ભારતના સ્વાતંત્ર્યની ચળવળ સમયથી જ રવીન્દ્રનાથની રચનાઓ – જન ગણ મન તથા એકલો જાને – મારી 'ઘરશાળા'માં ગવાતી હતી. વળી શાંતિનિકેતન જઈ ગુરુદેવ ટાગોર પાસે અભ્યાસ કરી આવેલ કવિ પ્રહલાદ પારેખ અને મારા કાકા પ્રેમશંકર ભટ્ટ ૧૯૪૦ના દાયકાના આરંભના વર્ષો દરમ્યાન 'ઘરશાળા'માં શિક્ષક હતા. તેથી ટાગોરના નામથી તો હું પરિચિત હતો જ. પરંતુ શાળાભ્યાસ પછી ૧૯૫૦માં કળાભ્યાસ માટે વડોદરા આવ્યા બાદ રવીન્દ્રનાથની દિલીપ કોઠારી અનુવાદિત પુસ્તિકા 'લિપિકા' વાંચવા મળી. તે ઉપરાંત તેમની ચિત્રકારી તથા મેઘાણીના પુસ્તક 'રવીન્દ્ર વીણા' દ્વારા પણ ખૂબ પ્રભાવિત થયેલો. હિન્દીના એક જાણીતા કવિ અને કળામર્મજ્ઞ પ્રયાગ શુક્લના કહેવા પ્રમાણે ઉત્તમ કળાકૃતિના માપદંડનું એક લક્ષણ એ છે કે જે "આપણને વારંવાર પોતાની તરફ ખેંચે". લિપિકા મેં એકાધિક વાર વાંચી છે. તે માત્ર તેનાં નાના કદ ને કારણે જ નહીં. તેનો અનુવાદ એવો સુંદર કર્યો છે કે તેની લિપિ અને કાવ્યાત્મક ગદ્ય ભાષા બન્ને ગુજરાતી હોવાં છતાં મૂળ બંગાળી વાંચતો હોઉં એવું જ અનુભવાતું હતું. એવો જ રોમાંચ ત્રણેક દાયકા પછી અંગ્રેજી અનુવાદ રૂપે જાપાની 'ઝેન' વાર્તાઓ 'Zen Flesh Zen Blood' વાંચતા ફરી અનુભવેલો.

પાછલી વયે (પાકટ કહું તો અતિશયોક્તિ કરી ગણાય) મને સ્વ. રવિશંકર રાવળનું 'ગુજરાતમાં કલાના પગરણ' ભેટ મળ્યું. ગુજરાતમાં કળાક્ષેત્રે સ્વ. રવિશંકર રાવળનું સ્થાન તેમનાં અનેક પ્રદાનોને કારણે સૌથી મહત્વનું રહ્યું છે. તેથી જ તે 'ગુજરાતના કલાગુરુ' જેવાં સન્માન સૂચક વિશેષણથી ઓળખાયા છે. વિવિધ કારણોસર મને આ પુસ્તક એટલું ગમી ગયું કે ઘણાં મોટાં -૨૮ x ૨૨ સેન્ટી મિટર – માપ ધરાવતાં ૪૧૨ પાનાં હોવા છતાં મેં તે પૂરું વાંચી નાખેલું. મને અને મારી મર્યાદાઓના પરિચિતો કદાચ આ સિધ્ધિ માટે મને

કદાચ ચંદ્રક પણ એનાયત કરે! 'પંગુમ લંઘયતે પર્વતમ્'  જેવું કામણ રવિભાઈના આ પુસ્તકે મારા ઉપર કર્યું છે.

ભારતમાં કળા, કારીગરીની તાલીમ મોટાભાગે તો કુટુંબમાં પિતા કે માતા પાસેથી જ મેળવવાની પ્રણાલી હતી. ક્યારેક વળી સંજોગવશાત જો કોઈને પોતાના કુંટુંબના વ્યવસાયને સ્થાને અન્યનો અપનાવવો પડે તેવી પરિસ્થિતિમાં તેના પ્રસ્થાપિત વ્યવસાયીની પાસે મદદનીશ તરીકે કામ કરતાં કરતાં જ તે શીખી શકાતો. કલા તથા કૌશલ્યના ક્ષેત્રે, ઔપચારિક સ્તરે વ્યવસ્થિત તાલીમ મેળવવા માટે ખાસ શાળાઓની આપણા દેશમાં સગવડ ન હતી. તે કાળે, મુખ્યત્વે તો પોતાની તથા પોતાના દેશવાસીઓની જરૂરીયાતો પૂરી પાડી શકે તેવા કળાકારો અને કારીગરો તૈયાર કરવાના હેતુથી અંગ્રેજ સરકારે ભારતમાં કળાશાળાઓ સ્થાપવાની શરૂઆત કરી હતી. 'સ્કૂલ ઓફ આર્ટસ એન્ડ ક્રાફ્ટસ્' નામે ઓળખાતી, કોલકાતા, મદ્રાસ (ચેન્નાઈ), લાહોર, મુંબઈ તથા લખનૌમાં સ્થપાયેલી એ  શાળાઓ આજે પણ ચાલતી રહી છે. 'સર' પદવી ધરાવતા જમશેદજી જીજીભાઈએ ઇંગ્લેન્ડની કળાશાળા જેવી શાળા મુંબઈમાં શરું કરાવવા માટે મોટી આર્થિક સખાવત આપેલી. આ કારણે ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ ૧૮૫૬માં મુંબઈમાં એ સ્થાપી અને તેને 'સર જે. જે. સ્કૂલ ઓફ આર્ટસ એન્ડ ક્રાફ્ટસ્' નામ આપેલું. જો કે, હવે તે બધી 'સ્કૂલ' ને 'કોલેજ' નામ અપાયું છે.

મુંબઈ નિવાસી, મુખ્યત્વે પારસીઓ સિવાય અને તે પણ ઠેઠ કાઠિયાવાડથી યુવાન વયે ૧૯૧૦ના અરસામાં મુંબઈ જઈને "જે. જે" નાં હુલામણા નામે ઓળખાતી એ શાળામાં વિલાયતી ઢબની ચિત્રકારીની વિધિવત તાલીમ લેનારા રવિભાઈ કદાચ પહેલા જ ગુજરાતી હતા. કળાભ્યાસ દરમ્યાન તેમને 'વીસમી સદી' સામયિકના સંચાલક તંત્રી હાજી મહમ્મદ અલારખિયા શિવજીનો ભેટો થયો. તે સામયિકના લખાણો સાથે પૂરક દૃષ્ટાંત ચિત્રો માટે રેખાંકનો પણ બનાવતા રહ્યા. 'વીસમી સદી' ની લોકપ્રિયતા તથા પ્રતીષ્ઠામાં પણ રવીભાઈનું પ્રદાન મહત્વનું હતું. પરંતુ ઊંચા સાહિત્યિક તેમ જ સામાજિક ધ્યેય, ધોરણો તથા મૂલ્યોનો  આગ્રહ ધરાવતા દરેક ગુજરાતી સામયિકના જે હાલ થતાં રહ્યા છે તે પ્રમાણે જ આર્થિક મુશ્કેલીઓને કારણે તે બંધ કરવું પડયું. ત્યાર બાદ યોગ્ય વ્યવસાય તથા પ્રવૃત્તિ શોધતા શોધતા રવિભાઈએ અંતે ૧૮૨૪માં  અમદાવાદમાં સ્થિર થઈ 'વીસમી સદી'ના નવા અવતાર જેવું માસિક 'કુમાર' શરુ કર્યું. તેનો ઉદ્દેશ સ્પષ્ટ રૂપે દરેક અંકના મુખપૃષ્ઠ પર વાચવા મળતો હતો : 'આવતીકાલના નાગરિકોને ઘડતું આજનું માસિક'.  આજ પર્યંત 'કુમાર' જીવતું રહ્યું છે... કુમારમાં રવિભાઈએ લખેલાં  આત્મકથાનકો લેખમાળા રૂપે પ્રકાશિત થતાં હતાં જે 'કલારવિ ટ્રસ્ટ' દ્વારા ગ્રંથ સ્વરૂપે પ્રકાશિત કરાયાં છે.

સાહિત્ય અંગે કંઈ પણ કહેવાની લાયકાત હું ધરાવતો નથી અને આજ પર્યંત લખાયેલાં નાનાં મોટાં  પુસ્તકો સાથે સરખાવીને 'પગરણ'ને કોઈ ક્રમાંક આપવાની ચેષ્ટા કરવાણી મૂર્ખતા કરીને મારી જાતને જ મૂર્ખ સાબિત કરવાની મૂર્ખતા તો ક્યારેય ન કરું. પરંતુ તેમ છતાં જો મને એમ પૂછાય કે મેં વાંચેલાં ગુજરાતી પુસ્તકોમાંથી મારું સૌથી પ્રિય પુસ્તક કયું છે? તો મારો ઉત્તર હોય કે : 'ગુજરાતમાં કલાના પગરણ'.

ચિત્રકળાના મારા અભ્યાસકાળ દરમ્યાન ફ્રાન્સને વતન બનાવેલ અમેરિકન કવિયત્રી Gertrude Steinનું એક અંગ્રેજી લઘુકાવ્યઃ Rose is a rose is a rose is a rose - ગુલાબ એટલે ગુલાબ એટલે ગુલાબ એટલે ગુલાબ, વાંચવા મળેલું. કોઈ પણ કળાકૃતિ કે લલિત અભિવ્યક્તિનો આનંદ લેવા માટે મને સ્ટેઈનનું આ કાવ્ય માર્ગદર્શક લાગ્યું છે. છતાં મને ક્યારેક 'પગરણ' શા માટે ખૂબ ગમ્યું છે તે જાણવાની પ્રબળ ઈચ્છા પણ થઇ આવે છે. અને, તે વિચારતા લાગે છે કે નીચે જણાવેલ બાબતોને કારણે તેમ થયું હશે.

મારી કુમાર અવસ્થામાં જ મને 'કુમાર' માસિક વાંચવા મળવા લાગેલું. મારી સંસ્કારરુચિ ઘડીને મને ચિત્રકળા તથા છબીકળાનો ચસ્કો લગાડવામાં તે કાળે 'કુમાર'માં જોયેલ ચિત્રો, રેખાંકનો તથા છબિઓ અને 'કલાવાર્તા' વિભાગમાં તે અંગે અપાતાં માહિતી સભર વિવરણોનો ફાળો ઘણો મોટો રહ્યો છે. 'કુમાર'ના આરંભ કાળ દરમ્યાન તેનાં તંત્રી પણ રવિભાઈ હતા. બચુભાઈ રાવતે તેનું સુકાન સંભાળ્યા પછી પણ ચિત્રો, રેખાંકનો તથા લખાણો સ્વરૂપે રવિભાઈની મોજૂદગી જણાયા કરતી હતી. 'પગરણ'માં સમાવાયેલ ૬૯૬ (હા! સાતસોમાં માત્ર ચાર જ ઓછા) આત્મકથાનકોની 'કુમાર'માં પ્રકાશિત શ્રેણીમાંથી થોડાં પ્રસંગો વાંચેલાં પણ ઘણા ચૂકાઈ ગયેલા. વળી, થોડા કથાનકો વાંચ્યાં પછી મહિના સુધી રાહ જોવી પડતી હતી, ઉત્કંઠાઓને દબાવી રાખવી પડતી હતી. એક પ્રસંગનો બીજા સાથેનો સંબંધ ભૂલાઈ જતો હોવાથી, કડી મેળવીને સમજવામાં મુશ્કેલી પણ પડતી હતી. જો કે 'પગરણ' માં ઘણા કથાનકો એવાં છે કે જેનો અન્યોન્ય સંબંધ જોડ્યા વિના પણ અર્થપૂર્ણ બની રહે છે. પરંતુ તેમ છતાં પુસ્તકમાં જળવાયેલી છ દાયકાઓના સમયગાળાની સળંગસુત્રતા વાચક માટે આશીર્વાદ બની રહે છે.

શાળાભ્યાસ દરમ્યાન -કદાચ 'કુમાર' માસિકમાં- એચ. જી. વેલ્સની પ્રખ્યાત કૃતિ 'ટાઇમ મશીન' –કાળયંત્ર- અંગે જાણવા મળેલું. આજ પર્યંત મારાં દિવાસ્વપ્નો દરમ્યાન અવાર નવાર હું 'કાળયંત્ર'નો સહારો લેતો રહ્યો છું. પરંતુ, જુલે વર્નની કલ્પનાઓને જેવાં મૂર્ત સ્વરૂપો મળ્યાં છે તેવું સદ્ભાગ્ય 'કાળયંત્ર' ને હજુ સુધી મળ્યું નથી. તેમ છતાં છબીકળાના પ્રમુખ સાધન કેમેરાને કારણે ભૂતકાળમાં –૧૮૩૯ના ઓગસ્ટની ૧૯ તારીખ સુધીનો પરોક્ષ પ્રવાસ શક્ય બન્યો છે તેમ કહી શકાય. તે પ્રમાણે 'પગરણ'માં મને ઈ. સ. ૧૮૭૪ના ઉનાળા થી ૧૯૩૫ સુધીના ભૂતકાળમાં સફર કરવાનો અવસર પ્રાપ્ત થયો છે. કેમેરા વડે લેવાયેલી અને પુસ્તકમાં સમાવાયેલી અસંખ્ય છબીઓની જેમ રવિભાઈનાં માત્ર રેખાંકનો જ નહિ, શબ્દચિત્રો પણ આપણી આંખો સામે વિતેલા સમયને ફરીથી જીવંત બનાવી દે છે. કેમેરા દ્વારા થવું જોઈતું હતું પણ થઈ શક્યું નથી, કરાયું નથી કે થયું હોવા છતાં જળવાયું નથી તેવું, દસ્તાવેજીકરણ કહી શકાય તેવું અણમોલ પ્રદાન રવિભાઈએ સચિત્ર આત્મકથાનકો દ્વારા કર્યું છે.

રવિભાઈની અને મારી વય વચ્ચે બે પેઢીનો -૪૨ વર્ષોનો- તફાવત હોવા છતાં કેટલુંક સામ્ય પણ રહ્યું છે. તેમની જેમ જ મારી તરુણાવસ્થા સુધીની જીવનયાત્રાનો સમયગાળો ભાવનગરમાં વિતેલો. અને, ત્યાર પછી

કળાભ્યાસ માટે તેમની જેમ મારે પણ ભાવનગર છોડવું પડેલું. તે અંગેના અમારા ઝુરાપામાં પણ મને થોડું સામ્ય જણાયું છે. રવિભાઈની અને મારી જ્ઞાતિ –ઔદિચ્ય બ્રાહ્મણ – અને તે પણ શિહોર સંપ્રદાય સાથે સંકળાયેલી છે. મારાં કુટુંબી વડવાઓ અંગે મને કશી માહિતી ન હતી તે પણ ‘પગરણ’માંથી પ્રાપ્ત થઈ શકી.૧૯૮૦ના દાયકામાં મને ખ્યાલ આવેલો કે ત્રણ ચાર પેઢીઓ પહેલા ભારત છોડી પરદેશને વતન બનાવેલ લોકોના સંતાનો પોતાના ‘મૂળ’ (roots) શોધવા ભારત આવીને આપણા ઉનાળાના ધોમ ધખતા તાપમાં પણ રઝળપાટ કરતા હતા. જ્યારે, મને તો ‘પગરણ’માંથી બગાસું ખાતાં પતાસું મળી ગયું હતું !

‘પગરણ’માં જે અનેક વ્યક્તિવિશેષોની વાત - તેમના નામ, ઠામ–ઠેકાણાં સાથે સાથે- કરી છે તેમાંથી કેટલાક મારા શિક્ષકો કે સગા સંબંધીઓ છે તેથી અને, અન્ય કેટલાક મારી કારકિર્દી દરમ્યાન પરિચિત બન્યા હોવાથી રવિભાઈની જેમ મારો પણ તેઓ સાથે ઘરોબો રહ્યો હતો અને રહ્યો પણ છે. આ કારણે ‘પગરણ’ વાંચતી વેળા મને ‘ફેમીલી ફોટો આલ્બમ’ જોતા થતો લાગણીભાવ અનુભવાતો રહ્યો છે. એ વ્યક્તિવિશેષ નામોની યાદી તો ઘણી લાંબી થાય છતાં જે થોડાં જણાવવા જરૂરી લાગ્યાં છે તે છે : નાનાભાઈ ભટ્ટ, ગિજુભાઈ બધેકા અને તેમના પુત્ર પુત્રીઓ, મોંઘીબેન બધેકા, નર્મદાબેન રાવળ, મસ્તરામ અને પોપટભાઈ, ઉપેન્દ્ર ભટ્ટ અને વિનાયક પંડ્યા ઈ. આ ઉપરાંત અનેક કળાકારો, કળાસંસ્થાઓ તથા સ્થળો પણ મને ‘પગરણ’ વાંચતા મારાં પોતીકાં જ લાગ્યાં છે.

ટેકનોલોજી દિવસે ન વધે તેટલી રાતે વિકસવા લાગી છે. કદાચ એ કારણે કે ભારતમાં જયારે રાત્રી હોય અને બધા લોકો ઊંઘતા હોય ત્યારે પશ્ચિમના દેશોમાં – ખાસ તો અમેરિકામાં દિવસ હોવાથી અનેક લોકો ગઈ કાલ સુધીની ટેકનોલોજીમાં પણ અવનવા સુધારા વધારા કરવામાં વ્યસ્ત હોય છે. જો કે, વિકસિત ટેક્નોલોજીને કારણે જ હું હવે ‘નવ્ય નિરક્ષર’ બની ગયો છું. તેમ છતાં ક્યારેક ‘ગૂગલેશ્વર મહાદેવ’ ના શરણે જઈ કેટલીક માહિતી મેળવવા પ્રયત્ન કરું છું ખરો. પરંતુ મને ખૂબ રસ પડે અને ‘ગૂગલ’માં પણ ન જડે કે ન ગોતી શકું તેવી અનેક માહિતી તથા તેની વિગતો મને ‘પગરણ’માંથી મળી શકી છે.

ભરેલા તળાવનાં સ્થિર પાણીમાં કાંકરો ફેંકતા એક વર્તુળાકાર વલયો બને અને ફેલાતાં જાય તેમ ‘પગરણ’માં મધ્ય સ્થાને હોવા છતાં સંતાઈ રહેલા રવિભાઈથી આરંભાતું વલય ફેલાતાં કુટુંબીઓની, સ્વજનો અને મિત્રોની એ પ્રમાણે ધીરે ધીરે મુંબઈના લોકોની તથા દેશ-વિદેશના અન્ય સ્થળોએ રહેતા કળાપ્રવૃત્તિમાં વ્યસ્ત લોકોની વાતો અને વિગતો ઉમેરાતી જાય. એ પ્રમાણે ભૌગોલિક સ્તરે પણ ભાવનગરના શેરડીપીઠના ડેલાને કેન્દ્રસ્થાને રાખી વિસ્તરતા વલયમાં ક્યારેક પરોક્ષ કે અપરોક્ષ રીતે રવિભાઈની મોજૂદગી પણ વ્યક્ત થતી હોય તેવા અનેક પ્રસંગોના લાઘવયુક્ત શબ્દચિત્રો અપાયા કરે છે. તેમાં પણ ક્રમશઃ ભાવનગર, ગોહિલવાડ, કાઠિયાવાડ, ગુજરાત, મુંબઈ પ્રેસિડેન્સી, ભારત, અને અન્ય દેશોના ભૌગોલિક વિસ્તારોને સમાવી લેવાય. ‘પગરણ’માં જે સમયગાળાની વાતો કહેવાઈ છે તે દરમ્યાન બનેલા, ઐતિહાસિક મહત્વ ધરાવતા બનાવોને પણ રવિભાઈએ આવરી લીધા છે. બાળશિક્ષણ ક્ષેત્રે ગુજરાતથી આરંભાયેલ અને ભારતમાં અનેક સ્થળે

વિસ્તરેલ ગિજુભાઈના પ્રદાનની વિગતોની જેમ પહેલું વિશ્વયુધ્ધ ક્યારે અને શા માટે થયું તેની ઝીણવટ ભરી માહિતી પણ તેમાં મને સાંપડી છે. ગાંધીજી અને રવીન્દ્રનાથ, ગુજરાત વિદ્યાપીઠ અને ગુજરાત સાહિત્યસભા, જે, જે. સ્કૂલ ઓફ આર્ટસ એન્ડ ક્રાફ્ટસ્ ની સાથોસાથ શાંતિનિકેતન અંગે પણ જાણકારી મળે. મોટાભાગે તો એ 'આંખે દેખ્યા બલ્કે નિરખેલા અહેવાલ' સ્વરૂપે તો ક્યારેક 'શ્રુતિસ્મૃતિ'– સાંભળીને કે વાંચીને મેળવેલી માહિતી રૂપે સમાવાયેલ છે. 'પગરણ'ની આવી વિવિધ લાક્ષણિક્તાઓની યાદી પણ ઘણી લાંબી થઇ જાય. માત્ર તેની અનુક્રમણિકા પણ પૂરા દસ પાનાંમાં પથરાઈ છે. અને, તેનેજ વાંચીએ તો પણ તેમાંથી આ અદ્ભૂત ગ્રંથનો સાર –સીનોપ્સિઝ મળી રહે છે.

આત્મકથા અંગે મારો ખ્યાલ એવો હતો કે તેમાં 'હું' કેન્દ્રસ્થાને જ હોય. પણ 'પગરણ'માં મને 'હું' નો 'હુંકાર' કે 'અહંકાર' ક્યાંય પણ જોવા મળ્યા નથી. હા! ગુજરાતી વર્ણમાળાના અનેક અક્ષરોથી શરુ થતા અને 'કાર' પ્રત્યાય ધરાવતા શબ્દો સાથે સંકળાયેલી વિભાવનાઓ 'પગરણ'માં અપાયેલ ૬૯૬ કથાનકો વાંચતી વેળા મારાં મનમાં તરવરી છે; જેમકે ચિત્રકાર, કળાકાર, મૂર્તિકાર, છબિકાર, વિવિધ આકાર, ઈ. વિશેષણો જેવા કલાક્ષેત્રના શબ્દો. પરંતુ ઓમકાર, ઝણકાર, ભણકાર, શ્રીકાર, સૂનકાર, અને ટહુકાર જેવી વિવિધ મનોસ્થિતિ દર્શક સંજ્ઞાઓ અનુભવાઈ છે. તેમજ, પોકાર અને લલકાર, આવકાર અને પ્રતિકાર. આવા મને સંભળાયેલા અનેક ધબકારમાં નથી જણાયો કશે પણ કોઈનો તિરસ્કાર.

આ કથાનકો વાંચતા મારા મનમાં એક પ્રશ્ન સળવળેલો કે પહેલું વિશ્વયુધ્ધ અને ગુજરાત સાહિત્યસભા જેવી બાબતોને આત્મકથાનક શા કારણે કહ્યા હશે? પરંતુ પછી ખ્યાલ આવ્યો કે દરેક વ્યક્તિ, સંસ્થા, પ્રસંગ તથા સ્થળ ઈ. સાથેનો રવીભાઈનો સંબંધ, તે અંગેનો એમનો અભિપ્રાય કે પ્રતિભાવ અને તે બધાંની પરીબળ સ્વરૂપે એમણે અનુભવેલી કડવી મીઠી, આશાસ્પદ કે નિરાશાજનક અસરો વ્યક્ત થાય જ છે. સિનેમા - ચલચિત્રમાં નિર્દેશક નાયક અને અરીસામાં દેખાતું તેનું પ્રતિબિંબ વાતો કરે તે સ્વરૂપે રજૂ કરે છે. તેમ જ કેમેરાને વિવિધ પાત્રોના ભૌતિક દષ્ટિબિંદુએ ગોઠવીને કરાયેલી ફોટોગ્રાફી પ્રેક્ષક ને પોતાની બેઠક પરથી ઉપાડીને પાત્રોના સ્થાને પહોચાડી દઈ શકે છે. સિનેમાની, ખાસ તો કેમેરાની ભાષાની આ શક્યતાઓને સમાંતર કલમની તરકીબ અજમાવીને રવિભાઈએ આત્મકથા ક્ષેત્રે પણ અનુકરણીય પગરણ કરી એક નવો ચીલો ચાતર્યો છે.

ભૂલી જવું તે જાણે કે આપણી, ગુજરાતીઓની ખાસ લાક્ષણિક્તા બની ગઈ છે. ગુજરાતમાં માત્ર દશ્યકળા ક્ષેત્રે જ નહિ અન્ય કળાઓ, કાવ્ય, સાહિત્ય, નાટ્ય, સંગીત સહિત, યુવાનોને ઘડતી અનેક સાંસ્કૃતિક બાબતોના ક્ષેત્રે રવિશંકર રાવળનું પ્રદાન લોકોને સમજાય અને યાદ રહે તે માટે યોગ્ય પ્રયત્નો જરૂરી બન્યા છે. બંગાળમાં અને કદાચ બાંગ્લાદેશમાં આજે પણ બાળકો રવીન્દ્રનાથે લખેલ બાળપોથી 'સહજ પાઠ' દ્વારા મૂળાક્ષરો શીખે છે. જ્યારે, ગુજરાતમાં કળાપ્રવૃત્તિને પ્રોત્સાહન આપવાના હેતુસર જ સરકારે બનાવેલી ભવ્ય ઈમારતનો કળાગુરુ રવિશંકર રાવળ સાથે માત્ર નામ પૂરતો જ સંબંધ જળવાઈ શક્યો છે. મળતી માહિતી

પ્રમાણે એ ઈમારતના માત્ર બે મજલા આર્ટ–ગૅલરી તથા રાજ્ય લલિત કળા અકાદમીની ઓફિસ તરીકે વપરાય છે. વર્ષો સુધી અવાવરું પડી રહેલા બાકીના મજલાઓ હવે કળા પ્રવૃત્તિઓને સ્થાને અન્ય સરકારી કચેરીઓને નજરાણાં જેમ સોંપી દેવાયા છે.

ગુરુદેવ રવીન્દ્રનાથનું એક કાવ્ય યાદ આવે છે : સૂર્યને ચિંતા થાય છે કે હું આથમી જઈશ તો પછી લોકો ને અજવાળું કેમ મળી શકશે ? તેને એક નાનકડો દીપક સાંત્વના આપતા કહે છે કે મારાથી બનશે તેટલો પ્રયત્ન હું કરીશ. શ્રી રમણીક ઝાપડિયાને આપણે રવીન્દ્રનાથના ઉપરોક્ત રૂપકનું મૂર્તિમંત સ્વરૂપ કહી શકીએ. રાજ્ય સરકારની લલિત કળા અકાદમી જે કામ હજુ સુધી નથી કરી શકી તેને પોતાનું ઉત્તરદાયિત્વ સમજી એક મહાભારત કાર્ય રમણીકભાઈએ સંભાળ્યું છે.

ચિત્રકળાના મારા અભ્યાસકાળ દરમ્યાન મને ફ્રાન્સને વતન બનાવેલ અમેરિકન કવિયત્રી Gertrude Steinનું એક અંગ્રેજી લઘુકાવ્ય વાંચવા મળેલું : Rose is a rose is a rose is a rose – ગુલાબ એટલે ગુલાબ એટલે ગુલાબ એટલે ગુલાબ. આનો અર્થ તો સ્પષ્ટ જ છે કે ગુલાબને જોઈને દેખી શકાતાં તેનાં રંગ અને રૂપનાં વૈવિધ્ય, સ્પર્શથી પામી શકાતી તેની કોમળતા તથા તેની સુવાસની જે અનુભૂતિઓ થાય તે શબ્દો મારફત કે અન્ય કોઈ રીતે કરાવી શકાય નહીં. રવિભાઈનાં લખાણો, રેખાંકનો અને ચિત્રોનાં સામર્થ્યનો અનુભવ તમે અને ગુજરાતના અન્ય કળાકારો તથા કળારસિક વાચકો જાતે જ મેળવી શકો એ માટે તેનાં સંગ્રહ રૂપે આ ગ્રંથો પ્રકાશિત કરીને શ્રી રમણીકભાઈએ આપણને એક સુવર્ણ તક પૂરી પાડી છે. એ માટે એમને ખૂબ ખૂબ અભિનંદન અને આવી અનેક પ્રવૃત્તિઓ કરવા તેમને શક્તિ અને લાંબુ આયુષ્ય મળે તે માટે ઈશ્વરને પ્રાર્થના.

**જ્યોતિ ભટ્ટ, વડોદરા**

જુલાઈ, ૨૦૧૭ – ૨૫ ઓગસ્ટ ૨૦૧૭